# વાલ્મીકીય રામાયણમાં રામની વેદના– મેઘદૂતમાં યક્ષની વેદના'

**ર્ડા.દિનકર.એચ.ગવલી**
**કવિશ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બોટાદ**

કવિકુલગુરુ કાલિદાસની આગવી પ્રતિભાની છાપ ધરાવતું સંસ્કૃતના ઊર્મિકાવ્યોમાં શીર્ષસ્થાને બેસી શકે એવું ' મેઘદૂત' મૌલિક કલ્પનાપ્રધાન સર્જન છે. એક કવિના કલાકાર હ્રદયની માવજત એને મળી છે એટલે આ કાવ્ય સર્વાંગસુંદર બન્યું છે. કવિવર કાલિદાસની સાહિત્યસૃષ્ટિના પ્રશસ્ત પ્રાસાદનોસુવર્ણકળશ 'મેઘદૂત' છે. આ ખંડકાવ્ય વાસ્તવમાં સંસ્કૃત સાહિત્યરૂપી નંદનવનમાં અનેક મહાકાવ્યોરૂપી કલ્પવૃક્ષોની વચ્ચે પોતાના પમરાટથી પ્રાણીમાત્રને પ્રફુલ્લિત કરનાર પારિજાત સમાન શોભે છે.[૧] મેઘદૂતના કર્તા કવિ કાલિદાસને રામના સીતા પ્રત્યેના હનુમાનના દૂત પ્રસંગ પરથી પ્રેરણા મળી એવી વિચારધારાની પુષ્ટિ કરનારા કેટલાક વિધ્વાનો છે. મલ્લિનાથ નામના ટીકાકાર કહે છે કે

**सीतां प्रति रामस्य हनुमत्संदेशं मनसि निधाय मेघसन्देशं कविः कृतवान इत्याहुः ।** – મલ્લિનાથ

દક્ષિણાવર્તનાથ નામના ટીકાકાર (૧૩મી સદી) નો એવો મત છે કે '' રામે હનુમાન દ્વારા સીતાને મોકલાવેલ સંદેશાનું સ્મરણ કરીને કાલિદાસે મેઘદૂતની રચના કરી '' શ્રી વી.કે. પરાંજપેનો નીચે મુજબનો મત પ્રદર્શિત કર્યો છે.

રામ – યક્ષ
રામદૂત હનુમાનનું આકાશ માર્ગે ગમન – યક્ષદૂત મેઘનું આકાશ માર્ગે ગમન
રામનો સંદેશ – યક્ષનો સંદેશ
રામનો સીતાથી વિરહ – યક્ષનો યક્ષપત્નિથી વિરહ
લંકાનગરી – અલકાનગરી
રામની અભિજ્ઞાન રૂપે હનુમાનને મુદ્રિકા અર્પણ – યક્ષનું અભિજ્ઞાન રૂપે પ્રસંગ કહેવો

કવિ કાલિદાસ રામાયણથી પરિચિત છે.અન્ય હકીકતો દ્વારા પણ સ્પષ્ટ થાય છે કે કવિ કાલિદાસે મેઘદૂતની રચના કરવા માટે રામાયણની પરંપરા સ્વીકારી છે. સીતાના અપહરણ પછી પંપાસરોવર કિનારે શોકાકુલતા અને મેઘદૂતના યક્ષની વિરહવ્યાકુળતા સમાન છે. રામે હનુમાન દ્વારા સંદેશો મોકલ્યો હતો. અને યક્ષે મેઘ દ્વારા સંદેશ મોકલ્યો હતો. સાગર પાર કરવા માટે ઉડ્યનફાળ ભરનાર હનુમાન પાંખવાળા પર્વત જેવા લાગે છે આ પ્રકારનું વર્ણન રામાયણમાં છે. હનુમાનનું દૌત્ય, રહસ્યકથા દ્વારા અભિજ્ઞાન વગેરે કલ્પનાઓના મૂળ સૂત્રને કાલિદાસે મેઘદૂતમાં સ્થાન આપ્યું છે. મેઘદૂત અને રામાયણ વચ્ચે કેવળ વિરહસાદૃશ્ય, શબ્દસાદૃશ્ય અને વિચાર સાદૃશ્ય જ નથી પરંતુ અનેક સાદૃશ્ય છે.સીતાવિરહ–યક્ષપ્રિયાવિરહ,સીતાવિયોગનું એક વર્ષ–યક્ષપત્નિવિયોગનું એક વર્ષ, વર્ષાઋતુને અંતે પ્રિયમિલનની અપેક્ષા, રામનો વિલાપ–યક્ષનો વિલાપ, જેવી રામની વિરહકૃશતા છે તેવી જ યક્ષની પણ સ્થિતિ છે. ટુંકમાં વાલ્મીકિના સંગેમરમરમાંથી મેઘદૂતનો તાજમહેલ રચાયો છે. સુખના ઉપભોગથી સમૃધ્ધ એવી અલકાનગરી જેવી રામાયણની સર્વસુખસંપન્ન લંકાનગરી છે. લંકાનગરીના સુંદર મહેલોમાં લલનાઓની શૃંગારિક ક્રીડાઓ થાય છે તેનું વર્ણન અલકાનગરીનું પ્રેરણાબીજ છે. અશોકવનમાં રામવિયોગિની સીતા અને અલકાનગરીમાં યક્ષપ્રિયાની સ્થિતિમાં સમાનતા જોવા મળે છે. મેઘદૂતમાં કવિ કાલિદાસે વિપ્રલંભ શૃંગારના નિરૂપણમાં પોતાની સિધ્ધિ બતાવી છે. જે કવિની કમનીય કવિપ્રતિભાનું ઉત્તમ પ્રમાણ છે. કદમાં નાનું હોવા છતાં આ દૂતકાવ્ય જગપ્રસિધ્ધ બન્યું છે.મંદાક્રાન્તા છંદમાં રચાયેલ આ ઊર્મિકાવ્યમાં કામાતુર પ્રણયની વિરહવેદના વર્ણવાયેલી છે. પ્રાકૃતિકસૌંદર્યની સાથે કવિએ પોતે નિહાળેલ પોતાને પ્રિય એવા ભારતવર્ષના ભૂમિપ્રદેશોનું વર્ણન કરવાની કવિની કાવ્યસુઝ નોંધપાત્ર છે.

**आषाढस्य प्रथमदिवसे मेघमाश्लिष्टसानुं ।**
**वप्रक्रिडापरिणतगतप्रेक्षणीयं ददर्श ॥**[२]

પોતાના કામમાં પ્રમાદ કરવાથી યક્ષ પોતાના સ્વામી કુબેરનો એક વર્ષ સુધી પ્રિયાવિરહ વેઠવાનો શાપ પામે છે. તેથી સામર્થ્યહીન થઈ તે રામગિરિ પર્વત પર નિવાસ કરે છે. પ્રારંભમાં કેટલાક માસમાં જ પ્રિયાવિરહમાં તેનો દેહ ક્ષીણ થઈ ગયો છે. ત્યાં આઠ માસ વિતાવ્યા પછી અષાઢ મહિનાના પ્રારંભમાં વર્ષાનમનના સમયે એને ઉત્કંઠાજનક મેઘદર્શન થાય છે. કેવળ એક જ વિશેષણ દ્વારા વિરહદુર્બળ યક્ષનું રેખાચિત્ર કવિએ દોર્યુ છે. અષાઢ માસના પ્રથમ દિવસે જ યક્ષ કોઈ ગજરાજ સમાન ગગનવિહારી મેઘને જુએ છે. તેની વિરહ–વેદના હવે જાણે કે પરાકાષ્ઠાએ પહોંચે છે. અષાઢ માસના આવા વાતાવરણને